# શ્રધ્ધાંજલિ



## સ્વ. મનહરસિંહ એલ. રાઠોડ

સ્વ. તા. ૧૨-૦૩-૨૦૧૪

ઘટના વિસરી ગઈ', ચોટ રહી ગઈ' કલ્પના ન કરી શકાય એવી આપની અણધારી ચિર વિદાયથી સૌના કાળજા કંપી ગયા, સૌના મન થીજી ગયા, આંસુ હજુ સુકાતા નથી, મન હજુ માનતુ નથી કે આ દુનિયામાં આપ નથી, પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવંગત આત્માને સુખ શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

| | |
|---|---|
| હરેન્દ્રસિંહ જાદવ | જગજીતસિંહ રાઠોડ |
| વિપુલ પટેલ | ચિરાગ વ્યાસ |
| પરેશ પટેલ | રાકેશ દેસાઈ |


ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
૧૯ મો સ્થાપનાદિન : તા. ૧૨/૩/૨૦૧૫



ગુડા
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

પાણી પૂરવઠા યોજના અંતર્ગત ખાતમૂહુર્ત કાર્યક્રમ
૧૨ કરોડના ખર્ચે ટી.પી. સ્કીમ નં ૯ ખાતે
- વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન
- પાણીની ટાંકી
- ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક

સત્તામંડળ વિસ્તારની ૧૭૨ આંગણવાડીના અંદાજે ૬૦૦૦ બાળકોને સુખડી વિતરણ

સમય: સવારે ૧૦.૩૦ કલાકે
: સ્થળ :
સૂર્યા સર્કલની બાજુમાં, લેન્ડમાર્ક હાર્મની પાસે,
મોજે: ઉવારસદ, ટી.પી.-૯ વિસ્તાર.

ગતિશીલ ગુજરાતના પ્રણેતા
માન. મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ



શ્રી આશિષકુમાર દવે
અધ્યક્ષશ્રી, ગુડા


# પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનો ૨૪મીએ નિયુક્ત થશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવરચિત છ જેટલી સમિતિઓના ચેરમેનોની નિમણુંક આગામી ૨૪મી માર્ચના રોજ કરવામાં આવશે.

છેલ્લી સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની પુનઃ રચના કરવામાં આવી હતી. સમિતિઓની પુનઃ રચનાની પ્રક્રિયા સંપન્ન થતાં હવે ૨૪મીએ સવારે ૧૧ વાગ્યાથી વિવિધ સમિતિઓની બેઠક મળશે. જેમાં સમિતિઓના નવા ચેરમેનોની નિમણુંક કરવા અંગેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

જિલ્લા પંચાયતમાં સમિતિઓના ચેરમેનોની નિમણુંક માટે સમિતિઓની બેઠક માટેના એજન્ડા જારી કરી દેવામાં આવ્યા છે.

બપોરે ૧૧ વાગ્યાથી શરૂ થનારી આ બેઠકોનો સિલસિલો બપોરના બે વાગ્યા સુધીમાં સંપન્ન થઈ જશે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સમિતિઓમાં ચેરમેનોની પસંદગીમાં મોટે ભાગે જુના ચહેરાઓ જ યથાવત રહેશે. જો કે આખરી પસંદગી પ્રદેશ નેતાઓના માર્ગદર્શન નીચે કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.


## હાર્દિક અભિનંદન



શ્રી આશિષકુમાર દવે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના અધ્યક્ષ પદે આપશ્રીની વરણી થયેથી ખૂબ ખૂબ શુભકામનાઓ... આપશ્રી ઉત્તરોત્તર આ જ રીતે પ્રગતિના સોપાન સર કરો તેવી અમારા સૌની શુભેચ્છાઓ...

શ્રી મહેન્દ્રભાઈ પી. ભાવસાર
પ્રમુખશ્રી

શ્રી મેહુલ એમ. રાવલ
ઉપપ્રમુખશ્રી

શ્રી નીરજ કે. પુરોહિત
મંત્રીશ્રી

શ્રી ધર્મેન્દ્ર એસ. દરજી
સહમંત્રીશ્રી

શ્રી મનીષ પી. પટેલ
ખજાનચી

તથા ગાંધીનગર એન્જિનિયર એન્ડ આર્કિટેક્ટ એસોસીએશનના તમામ સભ્ય મિત્રો


# ગુડાના સ્થાપના દિન નિમિત્તે આજે પાણીના કામોનું ખાત મુહૂર્ત

## નવનિયુક્ત ચેરમેન ગુડા વિસ્તારની આંગણવાડીના ૬ હજાર બાળકોને સુખડીનું વિતરણ કરશે

ગાંધીનગર, તા. ૧૧

ગુડાના સ્થાપના દિન નિમિત્તે ૧૨ માર્ચના રોજ ટી.પી. સ્કીમ-૯ વાસણા-હડમતીયા-સરગાસણમાં રૂ. ૧૨ કરોડના પાણીના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં સ્થિત ૧૭૨ આંગણવાડીના અંદાજિત ૬ હજાર બાળકોને પોષણક્ષમ આહાર સુખડીનું વિતરણ કરવામાં આવશે.

ગુડાના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તો નવનિયુક્ત ચેરમેન દ્વારા પાણી પુરવઠાની યોજનાના કામોમાં ઝડપ લાવવા વિવિધ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. જેના ભાગરૂપે ટી.પી. સ્કીમ-૯ વાસણા-હડમતીયા-સરગાસણમાં અંદાજિત રૂ. ૧૨ કરોડના ખર્ચે હાથ ધરાનારી પાણી વિતરણ સ્ટેશન, પાણીની ટાંકી સહીતના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. ટી.પી.ના વિસ્તારમાં સ્થિત સૂર્યા સર્કલ પાસે અંતિમ ખંડ નં. ૧૫૯ ખાતે ગુડાના ચેરમેન આશિષ દવેના હસ્તે કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત ગુડાના સ્થાપના દિનને ધ્યાને લઈ ચેરમેન દ્વારા આંગણવાડીના અંદાજિત ૬ હજાર બાળકોને સુખડી વિતરણ પણ કરવામાં આવશે.

# શહેર-જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ ૬ કેસ નોંધાયા

## વધુ ૧ મહિલા દર્દીનું સારવાર દરમ્યાન મોત

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ ૬ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં આ રોગના કેસોની સંખ્યા ૧૯૮ પર પહોંચી છે.

આજે નોંધાયેલા છ કેસોમાં માણસા દહેગામ અને ગાંધીનગર તાલુકાના ૧-૧-૧ કેસ ઉપરાંત કલોલના બે નવા કેસનો સમાવેશ થાય છે. ગાંધીનગર શહેરમાંથી પણ વધુ એક નવો કેસ મળી આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફલુની સારવાર મેળવતી સે. ૩૦ની એક ૫૫ વર્ષીય મહિલાનું સારવાર દરમ્યાન મૃત્યુ નીપજ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુને લઈ મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૨૬ પર પહોંચી છે. ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુના ૪ દર્દીઓના મોત અત્યાર સુધી નોંધાયા છે.

ગાંધીનગર સિવિલમાંથી આજે વધુ ૩ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે. હજુ પણ ૨૨ દર્દીઓ સારવાર હેઠળ છે. આ પૈકીના બે દર્દીની હાલત ગંભીર હોવાથી વેન્ટીલેટર પર સારવાર આપવામાં આવી રહી છે. જિલ્લામાં સ્વાઈન ફલુના ૧૫૦ દર્દીઓ સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં હોસ્પિટલમાંથી તેમને રજા આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.


## શિવાલય

ફાર્મ & પાર્ટી પ્લોટ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે

બુકીંગ ચાલુ છે - ૨૧/૪/૨૦૧૫થી...

વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

માણસા-ગાંધીનગર હાઈવે, વસંત વગડાની સામે, ક-૭ સર્કલ, ગાંધીનગર





ગાંધીનગર સમાચારના જન્મદિન નિમિત્તે હાર્દિક શુભેચ્છા....

અમૃતભાઈ ડી. ઠક્કર
પ્રમુખશ્રી - વિશ્વ હિન્દુ પરિષદ ગાંધીનગર જિલ્લો

## મહાલક્ષ્મી કાર શ્રીંગાર

નિગમ પેટ્રોલ પંપ સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર
મો. ૯૮૨૫૨ ૮૨૭૮૭


# સ્વાઈન ફલુમાં સાવચેતીના સૂર વચ્ચે નગરમાં ખાણી-પીણીનો અનઅધિકૃત વેપાર

## વપરાતાં વાસણોની સાફ-સફાઈ વખતે રખાતી બેદરકારી, આરોગ્ય અને ફુડ વિભાગની લાપરવાહી

ગાંધીનગર, તા. ૧૧

સ્વાઈન ફલુ એ સમગ્ર દેશમાં હાહાકાર મચાવ્યો છે. દેશ અને રાજ્યની સરકારો આ રોગથી બચવા માટેના ઉપાયો અને કાળજી રાખવા બાબતે સતત અખબારી માધ્યમોથી લોકોને સચેત કરી રહી છે ત્યારે રાજ્યના પાટનગરમાં જ ખાણીપીણીના અન અધિકૃત વેપારમાં ગંભીર બેદરકારી રખાઈ રહી છે. નગરમાં થતા આવા વેપારમાં ઉપયોગી વાસણોની સાફસફાઈ યોગ્ય રીતે ન થતી હોવાની બુમરાણ મચી છે પરંતુ આરોગ્ય અને ફૂડ વિભાગ આ બાબતે કોઈ જ કાર્યવાહી ન કરીને પ્રજાજનોના આરોગ્ય સાથે થઈ રહેલા ચેંડા પ્રત્યે લાપરવાહી દાખવી રહ્યું છે.

નગરમાં ઠેર ઠેર ખાણીપીણીનો અન અધિકૃત વેપાર થઈ રહ્યો છે જેમાં સલગ્ન વિભાગ તરફથી કોઈપણ જાતનો પરવાનો લીધા વગર નગરજનોને ખાણીપીણી પીરસાઈ રહી છે. આ પ્રકારના વેપારમાં વપરાંતા વાસણો એક જ પાણીમાં નાખી ફરીથી ઉપયોગી થઈ રહ્યો છે. હાલમાં વકરેલા સ્વાઈન ફલુમાં હાથ ન મીલાવા કે માસ્ક પહેરી રાખવા જેવી બાબતો સાવચેતી માટે જણાવાય છે ત્યારે આવા વેપારમાં એકબીજાના એંઠા વાસણો પણ વપરાતા હોવાની ફરીયાદો ઉભી થઈ છે. અન અધિકૃત વેપાર કરતાં વેપારીઓ આવા વાસણો શેરડીના રસમાં, ચા-કોફીમાં, રગડાપેટીસ, પાણીપુરી, ફરસાણ, ઠંડાપીણામાં કે નાસ્તાની લારીઓમાં વધુ વપરાતા હોવાનું જાણવા મળેલ છે. જેથી નાગરીકોએ ડીસ્પોઝલ વાસણોના વપરાશ થાય તેવી માંગ કરી છે. હાલ નગરમાં શેરડીનો રસ, પાણીપુરી તથા લારીઓમાં અપાતા નાસ્તા અને ઠંડા પીણાનો કારોબાર માર્ગો ઉપર ધમધમતી રહ્યો છે. જેઓ પાસે ખાદ્ય ચિજવસ્તુઓના વેચાણનો કોઈ જ પરવાનો હોતો નથી છતાં બેરોકટોક આ વેપાર થઈ રહ્યો છે. આરોગ્ય વિભાગ તથા ફુડ વિભાગ આ બાબતે કોઈ જ જાતના પગલાં લઈ નથી રહ્યુ ત્યારે સ્વાઈન ફલુને અટકાવવાના સરકારના પ્રયાસોમાં આ ગંભીર બાબત અડચણો પેદા કરશે તેવું જણાઈ રહ્યું છે. વધુમાં ગંદા પાણીનો નિકાલ અને એઠવાડ કે કચરો પણ જે તે સ્થળે હોવાથી આરોગ્ય બાબતે ખબરો જણાઈ રહ્યો છે. હાલની મિશ્ર ઋતુમાં રોગ થવાની શક્યતા વધુ છે જ્યારે ગરમીમાં કોલેરા કે પેટજન્ય રોગો થવાની સંભાવનાઓ રહેલી છે ત્યારે સંલગ્ન તંત્ર આ બાબતે જાગૃતિ રાખી આવા અનઅધિકૃત વેપારમાં સાફ સફાઈનું નિરીક્ષણ કરે તે આવશ્યક બન્યુ છે.


Kalp Infrastructure Pvt. Ltd.
ભાવેશ શાંતિલાલ ચૌહાણ

સરગાસણ - શાહપુર ગીફ્ટ સીટી ૨૦૦ ફુટનાં મેઈન રોડ પર

સુવિધા અનેક પસંદગી માત્ર એક



એક્સક્લુઝીવ લક્ઝુરીયસ, રેસિડેન્સીયલ ફલેટની સ્કીમ

Capitol Flora

1 BHK
74 ચો.વારના ફ્લેટ

14.80 થી 16.28 લાખ સુધી

સેમ્પલ હાઉસ રેડી

સુવિધાઓ :
- જિમ્નેશીયમ/ પીટનેશ કલબ
- કિડ્ઝ ઝોન ● જોગર્સ ટ્રેક
- કલબ હાઉસ / સ્પોર્ટસ રૂમ
- બ્યુટીફુલ લેન્ડ સ્કેપીંગ
- વિશાળ ફુલ્લી પાર્કીંગ
- યોગા ઝોન ● ગઝેબો-મીટીંગ પ્લેસ
- વેલ ડેકોરેટીવ એન્ટ્રન્સ વીથ સીક્યુરીટી કેબીન
- એન્ટ્રન્સ ગેઈટ અને ગ્રાઉન્ડ ફ્લોર એરીયામાં સી.સી.ટી.વી. કેમેરા




શહેરના જુના અને જાણીતા
ભાવેશ શાંતિલાલ ચૌહાણ : 9825051256



## નાયબ મામલતદાર/ Dy.S.O.

650+ જગ્યાઓ

લાયકાત : ગ્રેજ્યુએટ

। પરીક્ષા સુધીનો કોર્ષ । 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ ।
। નિયમિત ટોપિક્સના અંતે ટેસ્ટ । સિલેબસ મુજબ ટોપિક્સનું વિસ્તૃત શિક્ષણ ।

ફી માત્ર ₹ 24,000/-

સંપૂર્ણ સાહિત્ય FREE

નાયબ મામલતદારની બેચ શરૂ થવાની વિગત

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 02.04.2015 ગુરૂવાર | સવારના 7-00 થી 9-00 | સોમ થી શુક્ર |
| 10.04.2015 ગુરૂવાર | સાંજના 6-30 થી 8-30 | સોમ થી શુક્ર |
| 28.03.2015 શનિવાર | બપોરના 3-00 થી 6-00 | શનિ / રવિ |

TCCI EDUCATION PVT. LTD.

328/2, પ્રથમ માળ, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, ઘ-2 થી ચ-2ની વચ્ચે, સેક્ટર-7/A, ગાંધીનગર. M. : 9537614606 / 7

MUKESH PATEL : 90990 76788
રૂબરૂ મળવાનો સમય : સવારના 10-30 થી 5

તલાટી/કોન્સ્ટેબલની બેચમાં પ્રવેશ ચાલુ છે

ફી માત્ર ₹ 99,000/-

100% ગેરંટેડ બેચ
ફી પરતની લેખિત ખાતરી સાથે!

નોકરી મેળવાની 100% ખાતરી
બ્રિલિયન્ટ બેચ